સફાઈ કર્મચારીઓનું આક્રોશ આંદોલન અડાલજ પહોંચતા અટકાયત કરાઈ

સફાઈ કર્મચારીઓને કાયમી કરવાની સરકારની જાહેરાતનો આચારસંહિતા પહેલા પરિપત્ર બહાર પાડવા માંગ સાથે આક્રોશ સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં આજે સેક્ટર-૧૨ ખાતે આક્રોશ સંમેલન યોજ્યા બાદ અડાલજ ખાતેના શાંતિનિકેતન સિનિયર લિવિંગ હોમ્સ ખાતે ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક સમક્ષ દેખાવો કરવા ગયેલા આશરે ૨૦૦થી વધુ સફાઈ કર્મચારીઓની પોલીસે અટકાયત કરી હતી. ગત તા. ૧૨મીએ ગુજરાત સરકાર દ્વારા સફાઈ કર્મચારીઓને કાયમી કરવાની જાહેરાત કરાઈ હોવા છતાં હજુ સુધી તે બાબતનો પરિપત્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યો ના હોવાથી રોષે ભરાયેલા સફાઈ કર્મચારીઓ દ્વારા આજે આક્રોશ સંમેલનનું આયોજન કરી સરકારને આચારસંહિતા લાગુ પડે તે પહેલા પરિપત્ર બહાર પાડવા માંગ કરી હતી.

ગુજરાત વાલ્મિકી સંગઠન તથા વાલ્મિકી સેના ગુજરાત દ્વારા સંયુક્તપણે આયોજિત આક્રોશ સંમેલનમાંઆશરે ૫૦૦થી વધુસફાઈ કર્મચારીઓ ગાંધીનગરના સે. ૧૨ ખાતેના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે ઉમટી પડ્યા હતા. આક્રોશ સંમેલનમાં તેમના પ્રશ્નને સરકાર સમક્ષ લઈ જવા માટે અડાલજ ખાતે ભાજપ પ્રદેશ કારોબારીની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાઈ રહી હતી ત્યાં લઈ જવા નિર્ણય લેવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપની આ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તથા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિતના તમામ ટોચના હોદ્દેદારો ઉપસ્થિત હોઈ આ નિર્ણય લેવાયો હતો. આ નિર્ણયના પગલે સફાઈ કર્મચારીઓ શાંતિનિકેતન ખાતે પહોંચ્યા હતા જ્યાં તેમનું પોલીસ સાથે ઘર્ષણ થયુ હતુ અને અંતે પોલીસે ૨૦૦થી વધુ સફાઈ કર્મચારીઓની અટકાયત કરી તેમને પહેલા અડાલજ પોલીસ સ્ટેશન અને પછી ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે લઈને આવી હતી. જ્યાં મોડી સાંજે સફાઈ કર્મીઓનો છુટકારો થવા પામ્યો હતો. આ અટકાયતમાં અગ્રણી મયુર પાટડીયા, જીતુભાઈ બારૈયા, સુનિલ વાઘેલા સહિતનો સમાવેશ થયો હતો.

સિવિલમાં આધુનિક લેબર વોર્ડમાં આઈસીયુ અને એચડીયુ યુનિટ પણ તૈયાર

ચાર ડોક્ટર્સ અને ૧૨ નર્સનો સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક હાજર રહેશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સિવિલમાં સગર્ભા મહિલાઓ માટે અદ્યતન વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેમાં આધુનિક લેબર ડિલીવરી રૂમ બનાવવામાં આવ્યો છે. તેમજ હેમરેજ, બ્લડપ્રેશર, ચેપી, તાવ, મેલેરીયા કે કમળો જેવી બિમારીથી પિડાઈ રહેલી ગર્ભવતી મહિલાઓ માટે અલાયદી વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. આ પ્રકારની મહિલા દર્દીઓ માટે હાઈડિપેન્ડેન્સી યુનીટ તેમજ તેનાથી પણ વધુ ખતરાવાળી ગર્ભવતી મહિલાઓ માટે આઈસીયુ વોર્ડ ઉભો કરાયો છે. મહિલાઓ માટે આધુનિક સુવિધા ધરાવતો વોર્ડ રાજ્યની હોસ્પિટલોમાં પ્રથમ નંબરે હોવાનું ચર્ચાઈ રહ્યુ છે.

રાજ્યના નાગરીકોની સુખાકારી માટે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી છે. માતા મરણના કિસ્સાઓ ઘટાડવા માટે સગર્ભા બહેનો માટે એચડીયુ અને આઈસીયુ વોર્ડ તૈયાર કરાયો છે. આ જ વિભાગમાં જ આધુનિક ટેકનોલોજીથી સજ્જ લેબર વોર્ડ પણ બનાવાયો છે. આ અંગે સિવિલના તબિબિ અધિક્ષક ડૉ. બિપન નાયકના જણાવ્યા મુજબ સિવિલમાં સી.-૧ વિભાગમાં ૫૦૦ સ્કવેર મીટરમાં લેબરરૂમ તૈયાર કરાયો છે. આ વિભાગમાં મેડીકલ તપાસ માટે અલાયદો રૂમ બનાવવામાં આવ્યો છે. વિવિધ વિભાગો મળીને કુલ ૩૦ બેડની ક્ષમતા આ વોર્ડમાં છે. જેમાં ચેપી મહિલા દર્દીઓ માટે બે અલાયદા બેડની વ્યવસ્થા રાખવામાં આવી છે. આઈસીયુ વોર્ડમાં ગંભીર તેમજ ઓર્ગન ફેલીવર અથવા મેડીકલ ડિસરેકોર્ડર દર્દીઓને રાખવામાં આવશે. અને વિશિષ્ટ સારવાર આપવામાં આવશે. આ માટે ચાર મેડીકલ ડૉક્ટરો અને ૧૨ નર્સનો સ્ટાફ પણ ભરતી કરવામાં આવશે. આ લેબર વોર્ડ પાછળ અંદાજીત ૭૦ લાખથી વધુનો ખર્ચ કરીને સંપુર્ણ આધુનિક ટેકનોલોજીથી સજ્જ અને સેન્ટ્રલી એસી ધરાવતો વોર્ડ શહેરની હોસ્પિટલમાં તૈયાર થઈ ગયો છે. આ વોર્ડ જિલ્લાની સગર્ભા બહેનો માટે આશિર્વાદરૂપ સમાન છે.

ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના નવનિયુક્ત ચેરમેન મગનલાલ માળીએ પદભાર સંભાળ્યો

ગુજરાતની વર્તમાન ભાજપ સરકારના ઉત્સાહી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિધાનસભાની ચૂંટણીની સત્તાવાર જાહેરાત પૂર્વેજ ગત સોમવારે ભાજપ પક્ષના સંનિષ્ઠ અગ્રણીઓ તેમજ કાર્યકરોને રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ નિગમોમા નિમણુંકો આપવાનો મહત્વપુર્ણ નિર્ણય લીધો છે અને દરેક સમાજોને બોર્ડ નિગમોમાં પ્રતિનિધિત્વ આપવાના પ્રયાસો પણ કરાયા છે.રાજ્ય સરકાર હસ્તકના ૧૮ જેટલા બોર્ડ નિગમોમાં ખાલી પડેલી ચેરમેન તેમજ સભ્યોની જગ્યાઓ પર ભાજપના સંનિષ્ઠ અગ્રણીઓની નિમણુંકોની સોમવારે સત્તાવાર જાહેરાત કરાયા બાદ હવે જેતે બોર્ડ નિગમોના નવનિયુક્ત ચેરમેનો અને સભ્યો તેમનો પદભાર સાંભળી રહ્યા છે ત્યારે ગુજરાત સ્ટેટ વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન તરીકે પસંદગી પામેલા બનાસકાંઠા જિલ્લા ભાજપના અગ્રણી મગનલાલ માળીએ પણ આજે સવારે ૧૧ વાગ્યે વેર હાઉસિંગ કોર્પોરેશનના ગાંધીનગર સ્થિત મુખ્યાલય ખાતે રાજકીય અગ્રણીઓ તેમજ શુભેચ્છકોની હોશીલી હાજરીમાં વિધિવત રીતે વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન તરીકેનો પદભાર સંભાળ્યો હતો.

ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહ પાછળ કર્મયોગી ભવન સામે આવેલા ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના બહુમાળી મુખ્યાલય ખાતે કોર્પોરેશનના ચેરમેનની ચેમ્બરમાં ગુજરાત સરકારના ઉત્સાહી આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા પદગ્રહણ સમારોહ વખતે મગનલાલ માળીએ ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન તરીકેનો પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરી ઉપરાંત પાટણના સંસદ સભ્ય લીલાધરભાઈ વાઘેલા ભાજપ બક્ષી મોરચાના પ્રદેશ પ્રમુખ દિનેશભાઈ અનાવાડિયા, ગુજરાત બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ડિરેકટર શશીકાન્ત પંડ્યા, બનાસકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરિયા, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળી, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર પાંચાભાઈ માળી. વેરહાઉસીંગ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ, ડીસાના ભાજપ અગ્રણીઓ, કાર્યકરો, શુભેચ્છકો, મિત્રવૃંદ તેમજ સગા સ્નેહીઓ અને માળી સમાજના આગેવાનોએ ખૂબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વેર હાઉસિંગ કોર્પોરેશનના નવનિયુક્ત ચેરમેન મગનલાલ માળીને અભીનંદન પાઠવી સફળતા માટે શુભકામનાઓની સરવાણી રેલાવી હતી. ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેનની ચેમ્બર આજે આખો દિવસ મુલાકાતીઓ તેમજ શુભેચ્છકોથી ઉભરાતી રહી હતી. અને દિવસભર ચેરમેનની ચેમ્બરમાં ઉત્શાભાર્યો માહોલ જોવા મળ્યો હતો.

ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૩૨ વૃદ્ધ નાગરીકોને ચોખાનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી, સાબરકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. શામળાજીના ખારી અને સુનોખ સહિત ૮ ગામના ૧૩૨ વૃધ્ધ નાગરીકોને ૩ કિ. ચોખા,બિસ્કીટનું વિતરણ કર્યું હતું. આ સેવા કાર્યમાં ડો.સુપ્રિયા, અક્ષત, તથા સાન્યા સહિત ગજાનન સમિતિના મિલિન્દભાઈ અને યોગેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજમાં ૧૭ વર્ષના બાળકને ડેન્ગ્યુ પોઝેટીવ આવતાં ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના એપ્રોચરોચ રોડ વિસ્તારમાં આવેલ સોસાયટીમાં ૧૭ વર્ષના બાળકને ડેન્ગ્યુ રીપોટસ પોજેટીવ આવતાં ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના એપ્રોચરોડ ઉપર આવેલ એસાર પેટ્રોલ પંપ સામે આવેલ સોસાયટીમાં રહેતા પુંજન કિરણકુમાર સુખડીયા ઉ.વર્ષ- ૧૭ કે જેને જીરણ તાવ આવતાં પ્રાંતિજ ખાતે સ્થાનિક ડાંકટરી સારવાર આપવામાં આવી હતી અને રીપોર્ટમાં ડેન્ગ્યુ પોજેટીવ આવતાં તેને વધુ સારવાર માટે ગાંધીનગર ૨૩ સેક્ટરમાં આવેલ પ્રયાસ હોસ્પિટલ ખાતે પુંજન સુખડીયાને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. તો બીજીબાજુ પ્રાંતિજ આરોગ્ય તંત્ર ઉગતું ઝડપાયું છે અને ડેન્ગ્યુનો પોજેટીવ કેસ મળી આવ્યો છે અને આરોગ્યતંત્ર ઉગતું ઝડપાયું છે તો તંત્ર દ્વારા સોસાયટીઓમાં દવા સહિતનો છંટકાવ નહી કરવામાં આવતાં સોસાયટીના રહિશોમાં રોષ જોવાં મલ્યો છે. ત્યારે હાલ તો પ્રાંતિજ આરોગ્ય તંત્ર ઉગતું હોય તેવું જણાઇ આવે છે અને આ વિસ્તારમાં દવાઓનો છંટકાવ થાય તેવી સોસાયટીમાં રહેતા રહીશોની માંગ ઉઠવા પામી છે.

ઓબીસી સમાજના આગેવાનો કોબા પાટીયા પાસે અલ્પેશ ઠાકોર સામે વિરોધ કરશે

ગાંધીનગર, તા. ૨૪

એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. એકતા મંચ અને ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ગમે ત્યારે જાહેર થાય તેવી સ્થિતિમાં છે. ત્યારે રાજકીય પક્ષોમાં પણ ધમધમાટ જોવા મળી રહ્યો છે. તેવા સમયમાં અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાતા ઓબીસી સમાજના આગેવાનોમાં રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યના કેટલાક તાલુકા મથકે પણ અલ્પેશ ઠાકોરના પુતળાનું દહન કરવામાં આવ્યું છે.

ત્યારે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ પ્રેક્ષાભારતી કોબા પાટીયા પાસે તા. ૨૫-૧૦-૧૭ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે રાજ્યભરમાંથી ઓબીસી સમાજના આગેવાનો એકત્ર થશે અને અલ્પેશ ઠાકોર સામે વિરોધ પ્રદર્શન કરશે.

ચૂંટણીલક્ષી મુદ્દા માટે ગુજરાત કોંગ્રેસી નેતાઓ દિલ્હી પહોંચ્યા

અમદાવાદ,તા. ૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ગુજરાત કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકાયા હોઈ અને કોંગ્રેસ તરફથી લોકજુવાળી ફરીથી ઉભો થતો જોઈ સ્થાનિક નેતાઓથી લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓમાં પણ આ વખતની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે સારા પરિણામોની આશા જન્મી છે ત્યારે ઉમેદવારોની પસંદગી સહિતના ચૂંટણીલક્ષી મહત્વના મુદ્દાઓની ચર્ચા વિચારણા માટે ગુજરાત કોંગ્રેસના નેતાઓ આજે ફરી એકવાર દિલ્હી પહોંચ્યા છે. સ્ક્રીનીંગ કમીટી અને પ્રદેશ ઈલેકશન કમીટી ભેગા મળી ઉમેદવારોના નામો પર ચર્ચાવિચારણા કરી આખરી ઓપ આપશે અને નામોની યાદી અંતિમ મંજૂરી માટે કેન્દ્રીય ચૂંટણી સમિતિને મોકલી આપશે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સાથેની ચર્ચામાં ગુજરાતની વિધાનસભા ચૂંટણીની રણનીતિ પણ નક્કી કરવામાં આવશે.ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી અને નામો નક્કી કરવાનો મામલો દિવાળી બાદ ટળ્યો હતો, હવે દિવાળી પૂર્ણ થઇ કે, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ અને ખાસ કરીને સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓએ ગુજરાત કોંગ્રેસના નેતાઓને દિલ્હી બોલાવી ઉમેદવારો પસંદગી સહિતના મુદ્દા પર ચૂંટણીલક્ષી મહત્વની કવાયત હાથ ધરી છે. દિલ્હીથી તેડું આવતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના સ્થાનિક નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા અને સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ સાથે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર ઉમેદવારોના નામોની પસંદગી મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. બેઠકમાં ગુજરાતની વર્તમાન રાજકીય સ્થિતિ, લોકજુવાળ, જાતિવાદના સમીકરણો અને પાટીદાર-દલિત ફેકટર તેમ જ તાજેતરમાં જ કોંગ્રેસમાં જોડાયેલા ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરની સેનાને કેટલી ટિકિટો કયા ક્ષેત્ર માટે આપવી સહિતના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટ સહિતના પદાધિકારીઓ સાથે ગુજરાત કોંગ્રેસના ભરતસિંહ સોલંકી, કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, મોહનસિંહ રાઠવા, શૈલેષ પરમાર સહિતના સ્થાનિક નેતાઓએ બેઠક યોજી હતી.

કોર્ટમાં અરજી.... (● ૮મા પાનાનું અનુ.)

વરૂણે ઈન્ફોસીટી મળવા બોલાવ્યા અને નરેન્દ્ર પટેલ પહોંચ્યા ત્યારે તેની ગાડીની પાછળ-પાછળ આવવા કહ્યું..! આડા-અવળા ફેરવીને વરૂણે એક મકાનમાં નરેન્દ્રભાઈને લઈ ગયો. ત્યાં જીતુભાઈ વાઘાણી બેઠા હતા. તેમની સાથે મુલાકાત કરાવી ત્યારે જીતુભાઈએ કહ્યુ કે પાસમાં શુ મળશે? ભાજપમાં આવી જાવ ઘણુ બધુ અપાવીશુ..! ચા-પાણી કરીને ભાજપ પ્રદેશ કાર્યાલય આવી જાવ..! તેમ કહીને જીતુભાઈ નીકળી ગયા. ચા-પાણી કરીને નરેન્દ્રભાઈ અને વરૂણ પટેલ કાર્યાલય પહોંચ્યા તો ત્યાં ભરતભાઈ પંડ્યા, જીતુભાઈ નાથાણી, ઋત્વીજ પટેલ, મહેશ પટેલ ઉર્ફે દાઢી અને રવિ પટેલ હાજર હતા. નરેન્દ્ર પટેલ સાથે તેમની મુલાકાત બાદ એક રૂમમાં લઈ ગયા અને જીતુભાઈ વાઘાણીએ એક કરોડની ઓફર કરી ડીલ નક્કી કરી. નરેન્દ્રભાઈએ રૂમમાં ડીલની ના પાડી તો ગર્ભિત ધમકીઓ આપીને મીડિયામાં નિવેદન આપવા ઈચ્છા વિરૂદ્ધ મજબુર કર્યા હોવાનો અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ વરૂણ પટેલે રૂ. ૧૦ લાખ તેની ગાડીમાંથી નિકાળીને આપ્યા હતા. નરેન્દ્રભાઈ આ સમક્ષ મામલો પ્રેસ કોન્ફરન્સ કરીને બહાર લાવ્યા બાદ આજે ગાંધીનગર કોર્ટમાં છ આરોપીઓ સામે એકબીજાના મેળાપીપળામાં પાટીદારોનું ચાલતુ આંદોલન તોડી પાડવા પોતાની લાગવગનો ઉપયોગ કરી પૈસાની જોરે પાટીદારોને લાલચો આપી ધમકાવી-ફોસલાવી તોડફોડની નીતિ અજમાવી છેતરપીંડી કરવા બદલ અને લાંચ આપવા બદલ આઈપીસી કલમ ૧૭૧-ખ, ૧૭૧-જ, ૩૮૪, ૩૭૦, ૪૦૬, ૪૧૭, ૪૧૮, ૫૦૪, ૫૦૬(૧) તથા ૧૨૦(બી) મુજબ ગુનો નોંધવા ફરીયાદ કરતા હડકંપ મચી જવા પામ્યો છે.

નિ વિ દા

ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ગુજરાત સરકારની સંસ્થા), ગાંધીનગર ખાતે સેકટર-૧૭ સ્થિત **હેલિપેડ પ્રદર્શન મેદાન** ખાતે વિવિધ પ્રકારના **મરામત ના કામ** માટે રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક ભરવાનો નમૂનો www.indextb.com પરથી મેળવી શકાશે. ભાવપત્રક મોકલવાની છેલ્લી **તા.૦૧-૧૧-૨૦૧૭**ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક સુધીમાં અર્નેસ્ટમની ડિપોઝીટ પેટે કામ દીઠ રૂ.૧૦,૦૦૦/-ના Industrial Extension Bureau ના નામના ડિમાન્ડ ડ્રાફટ સાથે નીચેના સરનામે પહોંચતા કરવાના રહેશે.

Managing Director
Industrial Extension Bureau
Block No. 18, 2nd Floor
Udyog Bhavan, Gandhinagar 382 010
Ph: 079-23250492/93

iNDEXTb
INDUSTRIAL EXTENSION BUREAU
(A GOVT. OF GUJARAT ORGANISATION)
ISO 9001:2008 Certified

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ